મહેસાણા અને પાટણ જિલ્લામાં રાજય સરકાર હસ્તકના રોડ પર આવેલા ટોલ બુથ

*15/4/14 શ્રી કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ): માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે:–

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ મહેસાણા અને પાટણ જિલ્લામાં રાજ્ય સરકાર હસ્તકના રોડ પર ક્યા સ્થળે ટોલ બુથ આવેલા છે, | (૧) | મહેસાણા જિલ્લામાં અમદાવાદ મહેસાણા રોડ પર પ્રોજેકટ પર આવેલ છત્રાલ, નંદાસણ અને મેવાડ સ્થળો પર ટોલ બુથ આવેલા છે. |
| (૨) | ઉક્ત ક્યા ટોલ બુથનો કોન્ટ્રાક્ટ ક્યારે કેટલા સમય માટે કઇ એજન્સીને આપવામાં આવેલ છે, | (૨) | ઉક્ત અમદાવાદ મહેસાણા રોડ પ્રોજેકટનું કામ અમદાવાદ મહેસાણા ટોલ રોડ કો.લિ.ને જે હવે Gujarat Road and Infrastructure Co.Ltd. (GRICL) ને સોંપવામાં આવેલ છે. જેની કામગીરી તા.૨૦/૦૨/૨૦૦૩ થી શરૂ કરેલ છે. અને તેનો કન્સેશન પીરીયડ ૩૦ વર્ષનો છે. |
| (૩) | ઉક્ત સ્થિતિએ ઉક્ત ટોલ બુથનો કોન્ટ્રાકટ પૂર્ણ થયેલ હોવા છતાં એજન્સી દ્વારા ટોલ વસુલવામાં આવતો હોવાની હકીકત સાચી છે, અને | (૩) | લાગુ પડતુ નથી. |
| (૪) | આવા ટોલ બુથ પરથી ટોલ વસુલવાનું બંધ કરાવવા શી કાર્યવાહી હાથ ધરેલ છે? | (૪) | લાગુ પડતુ નથી. |

-----------------------------------------------------------